।। जननी जन्मभूमिश्च स्वर्गादपि गरीयसी ।।

જન્મભૂમિ

Janmabhoomi 26-12-2011 Mumbai

# રાપરનો 'જીવણ'તો વડોદરાનો ભણેલો ગણેલો સજ્જન નીકળ્યો

સૂર્યશંકર ગોર દ્વારા

રાપર, તા. ૨૫ : જીવનમાં ક્યારે કેવા વા-વંટોળિયા આવે તેનું કાંઇ જ નક્કી નથી હોતું ! અનેક ઝંઝાવાતો સામે માનવ સદીઓથી ઝઝૂમતો રહ્યો છે. ખાવા-પીવાની ઇચ્છા હોય ત્યારે ખાવાનું ન મળતું હોય અને ખાવા-પીવાનું સુખ હોય ત્યારે દર્દોને કારણે તબીબો ખાવાની મનાઇ ફરમાવી દે ! અજબ-ગજબના આટાપાટા અહીં છે !

રાપરના અયોધ્યાપુરીના ચકરા પાસે અનેક શિયાળાની કડકડતી રાતો, ચોમાસા અને ગરમીમાં ઓટલા પર પસાર કરનારો 'જીવણ' જેને લોકો 'પાગલ' તરીકે ગણતા તે વડોદરાના એક પરામાં રહી શાક મારકેટમાં મેનેજમેન્ટનું કામ સંભાળતો હતો. ગત તા. ૨૨-૧૨ના બે દાયકા બાદ જીવણને જોનાર તેના પરિવારજનો માટે જાણે ઉત્સવની ઘડી આવી હોય તેવો માહોલ ખડો થયો હતો.

વાગડના દયારામ નાગજી મહારાજ છેલ્લા કેટલાક વર્ષોથી આવા ઘરની ભૂલેલા ભટકેલાઓને શ્રદ્ધા રિહેબીલીટેશન સંસ્થામાં લઇ જઇ તેના શરીરને ચેક અપ કરાવી માનસિક બીમારીનો ઇલાજ કરાવી ઘરે પહોંચાડવાનું કામ કરી ભીતરનો આનંદ અને સંતોષ પામે છે. મુંબઇથી ટેલિફોન પર ખુશખુશાલ જણાતાં આ ભૂદેવે કહ્યું કે જીવણ અને તેના પરિવારજનો રાપરની જનતાનો ખૂબ ખૂબ ઉપકાર માને છે. બે દાયકા સુધી 'જીવણ'ને તમામ વર્ગનાએ જે હૂંફ આપી હતી, અનેકનો એ લાડીલો બન્યો હતો. માત્ર માથું હલાવીને હા અથવા ના કરનારા જીવણના પરિવારમાં નાનો ભાઇ મોહન છે કહાર (ભોઇ જ્ઞાતિ)ના આ જીવણને આસપાસનાએ જોતાં જ સૌ હર્ષથી રોમાંચિત બન્યા હતા અને અનેકની આંખો ભીની થઇ હતી. પરિવારજનોએ કહ્યું કે અમે તો જીવણની આશા છોડી દીધી હતી. ખૂબ ગોત કરીને થાકયા હતા તે ખૂબ ભણેલો-ગણેલો હોંશિયાર અને મળતાવડા સ્વભાવનો હતો.



રાપરમાં બે દાયકા સુધી જેને લોકો 'પાગલ' ગણતા એ જીવણ પોતાના ઘેર વડોદરા પહોંચ્યો ત્યારે પરિવારજનોમાં ખુશી-ફરી વળી હતી.

આ જીવણને રાપરથી ગત તા. ૩૦-૧૦ના દયારામ મહારાજ મુંબઇ સંસ્થામાં લઇ જઇ ઇલાજ કર્યો. ધીમે ધીમે સાર-સંભાળ અને ટ્રીટમેન્ટ બાદ નોર્મલ બન્યો. ધીમે ધીમે ઘરનું સરનામું યાદ આવ્યું પોતે ભોગવેલી યાતનાઓમાંથી નવું જ જીવન મળ્યું. રાપરની જનતાએ ખાવા, પીવાના, પહેરવા, ઓઢવા આપી સંભાળ લીધી તે સ્મરણો જીવણને યાદ આવતાં તે ભાવુક બન્યો હતો.

આ પ્રવૃત્તિ સાથે સંકળાયેલા મૂળ જંગી ગામના દયારામ મહારાજે કહ્યું કે સ્કીઝોફેનિયા નામના માનસિક દર્દીઓને આપણે અકારણ ગાંડો, પાગલ કે ડગરી ખસી ગઇ છે તેવાં લટકણિયા આપીએ છીએ જેને કેટલાક ટીખ્ખળખોર અને અજ્ઞાની લોકો ચીડવી, પજવીને વિકૃત આનંદ લે છે, જે નિંદનીય કૃત્ય છે. આવા માનસિક દર્દીને તિરસ્કારની નહીં સહાનુભુતિ આપવી જોઇએ. આવા માનસિક દર્દી શરૂઆતમાં નોર્મલ લાગે પછી વિચિત્ર વર્તન કરે પરિણામે કેટલાક એવું માને કે કામ નથી કરવું એટલે નાટકવેડા કરે છે. અથવા વળગાડ થયો છે કોઇએ મૂઠ નાખી છે, પડછાયામાં આવી ગયો છે. આવી અંધશ્રદ્ધામાં માણસો દોરવાય છે પરંતુ દયારામ મહારાજે કહ્યું કે આવી તકલીફવાળાને માનસિક ડોકટર પાસે લઇ જઇ સારવાર આપવી જોઇએ શક્ય તેટલી મદદ કરવી જોઇએ આવા કાર્ય માટે દયારામ મહારાજના , નંબર પણ તેમણે આપ્યા છે ૦૯૮૨૦૩ ૨૧૩૭૭ ઉપર સંપર્ક કરવો.

તેમણે છેલ્લે કહ્યું કે કોઇ કરજમાં ડૂબ્યા હોય કે માનસિક આઘાત લાગ્યો હોય નજીકનું સ્વજન ઓચિંતું અકાળે મરણ થાય ત્યારે માનસિક તકલીફ થવાની સંભાવના રહે છે પરસ્પરની હૂંફ અને પ્રેમમય વાતાવરણ પર તેમણે ખાસ ભાર મૂકયો હતો.